**થરાદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૯૯૬૦૦૬૨૬૦૨૪૩/૨૦૨૬, બી.એન.એસ. એક્ટની કલમ-૩૧૦(૨), ૩૫૧(૩) મુજબના ગુનાના કામના આરોપી:- (૧) દેવાભાઈ રમેશભાઈ સીંધાલ, (૨) પીરાભાઈ ભુરાભાઈ ચૌહાણ, (૩) જગદીશભાઈ કરશનભાઈ સિંધાલ, (૪) પીરાભાઈ કરશનભાઈ સિંધાલ નં.૧,૩,૪ તમામ રહે.વાડીયા, તા.થરાદ, નં.૨ રહે.સાંચોર, દાદાવાડી સાંચોર પો.સ્ટે.ની પાછળ, તા.સાંચોર, જી.જાલોરવાળા નાઓની ક્રિ.પર.અ.નં.૧૦૭/૨૦૨૬ વાળી જામીન અરજી લગત હુકમ -**

- અરજદાર/આરોપીઓની હાલની જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તથા સરકાર તર્ફે એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા સદર જામીન અરજી તથા આ કામે કેશ કાગળો વંચાણે લીધા.

- આરોપી તર્ફે વિ.વ.શ્રીની રજુઆત કરી જણાવેલ છે કે, પકડાયેલ આરોપીને ગુનાના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેમજ ક્યાંય નાસી ભાગી જાય તેવી વ્યક્તિ નથી, અને તેઓ ઘરના માત્ર એકજ કમાતા ઇસમ હોય, તેમજ સદર ગુનામાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવાની નામ.કોર્ટને સત્તા હોય નામ.કોર્ટ ફરમાવશે તે શરતો આરોપી પાલન કરવા ખુશી હોય, યોગ્ય શરતોને આધિન આરોપીને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

- ઉપરોક્ત રજુઆતો ધ્યાને લીધી. હાલના કામના આરોપી સામે **બી.એન.એસ. એક્ટની કલમ-૩૧૦(૨), ૩૫૧(૩)** મુજબના ગુનાની ફરીયાદ નોંધાયેલ છે, એફ.આઈ.આર.ના કેસ પેપર્સ વંચાણે લેવામાં આવે તો, તે એવી રીતે આ કામના હાલના **તહોમતદાર નં.૧** નાએ ફરિયાદી તથા સાહેદને તેના ઘરે લઈ જઈ જમાડી અને મોટરસાઈકલ પર પરત મુકવા આવતાં ચરેડામાં તહોમતદાર અનિલભાઈ બબાભાઈ સિંધાલ તથા **આરોપી નં.૨ થી ૪** નાઓએ ભેગા મળી સાહેદ આ કામના સાહેદ કૈલાશભાઈ ફોન પે માંથી અગિયાર હજાર સાતસોનું તેઓના ખાતામાં ટ્રાન્જેકશન કરી લઈ તેમજ સાહેદના મોબાઈલના કવરમાં રાખેલ મેમરી કાર્ડ કિ.રૂ.૩૦૦/- તથા ફરિયાદીના ખિસ્સામાંથી રૂ.૧૦,૦૦૦/- રોકડા તથા કાનમાં પહેરેલ સોનાની બુટ્ટીઓ એક જોડ આશરે બે ગ્રામની જેની કિ.રૂ.૨૦,૦૦૦/- એમ મળી કુલ રૂ.૪૨,૦૦૦/- મત્તા ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી પાંચેય

આરોપીઓએ ફરિયાદી તથા સાહેદને લુંટી લઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. આ કામના આરોપીઓની સામે **બી.એન.એસ. એક્ટની કલમ–૩૧૦(૨), ૩૫૧(૩)** અંગેનો આક્ષેપ છે જે તમામ કલમોની જોગવાઈ ધ્યાને લીધેલ છે, આક્ષેપિત કલમો પૈકી કલમ–૩૧૦(૨) ની જોગવાઈ મુજબ આક્ષેપિત અપરાધ ૧૦ વર્ષથી આજીવન કારવાસથી દંડનીય છે જે અપરાધની ગંભીરતા દર્શાવે છે જેથી હાલના તબક્કે આરોપીને જામીન આપવાનો કોઈ ન્યાયોચિત કારણ રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. આમ, ઉપરોક્ત વિગતેની તમામ હકીકતો ધ્યાને રાખી જામીન અરજીના તબક્કે નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા તેમજ સજાની જોગવાઈ, ગુનાની ગંભીરતા, પ્રકાર, ટ્રાયલ સમયે આરોપીની હાજરી તથા જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને લેવાતાં તમામ પાસા લક્ષમાં લઈ આરોપીને જામીન ઉપર મુક્ત કરવા ઉચિત જણાતા ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–૦–હુકમ –૦–**

– આરોપી/અરજદારની હાલની જામીન અરજી આથી **ના–મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– થરાદ.
તારીખ – ૧૧/૦૩/૨૦૨૬

( આર. કે. જાની )
જ્યુડી.મેજી.ફ.ક.,થરાદ.
કોડ નં.જીજે૦૧૬૫૮